**માનકુવા પો.સ્ટે. ગુ.ર.નં. ૬૭૫/૨૦૨૩ એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હા કામે મુદામાલ વાહન હીરો સ્પ્લેન્ડર પ્લસ કે નં. જી.જે.–૧ ૨–ઈ.એમ.–૮૭૫૬ વાળુ પોલીસે કબજે કરેલ તે પરત મળવા અરજદાર માવજી ખીમજી કોલી નાઓએ કરેલ અરજી તળે હુકમ**

---

(૧) આ કામે અરજદારની મુદામાલ પરત મેળવવા અંગેની અરજી, દસ્તાવેજી પુરાવા કેસ કાગળો ધ્યાને લીધા. બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

(૨) આ કામે અરજદાર તરફે રજુઆત કરતા જણાવેલ છે કે, તેની અરજીમાં જણાવ્યા મુજબનો મુદામાલ પોલીસે ઉપરોકત ગુન્હા કામે કબજે લીધેલ છે, સદરહુ મુદામાલ તેમની માલીકીનો છે અને રોજબરોજના ધંધાકીય વપરાશનું સાધન છે. જે કેસ પુરો થતાં સુધી પોલીસ સ્ટેશને પડયું રહેશે તો અરજદારને આર્થિક નુકસાન જાય તેમ છે. જેથી યોગ્ય શરતોએ મુદામાલ અરજદારને પરત સોંપવા અરજ છે.

(૩) અરજદારે તેની અરજી સંદર્ભે નીચે મુજબના દસ્તાવેજી આધાર રજુ કરેલા છે.

૧. સદરહુ મુદામાલ વાહનની આર.સી.બુકની નકલ
૨. અરજદારના ઓળખ કાર્ડની નકલ
૩. બેંકનું એન.ઓ.સી.

(૪) ઉપરોકત બંને પક્ષની રજુઆત તથા અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી આધાર ધ્યાને લેતાં સદરહુ મુદામાલની આર.સી. બુકની નકલ જોતાં સદરહુ મુદામાલ અરજદારના નામે હોવાનું ફલીત થાય છે. તે રીતે સદરહુ મુદામાલ અરજદારની માલીકીનું છે. સદરહુ અરજી રજુ થતાં તપાસ કરનાર અમલદારનો સ્પષ્ટ અભિપ્રાય મંગાવવાનો હુકમ કરવામાં આવેલ છે જેના અનુસંધાને તપાસ કરનાર અધિકારીએ નહીં સોંપવા જણાવેલ છે. પરંતુ સદરહુ મુદામાલની તપાસના કામે કોઈ જરુરીયાત હોય તેમ જણાવેલ નથી. તપાસ કરનાર અમલદારના સદરહુ અભિપ્ર ાય સંબંધે શરત મુકી શકાય તેમ છે. આ કામે અન્ય કોઈ વ્યકિતએ આ મુદામાલની માંગણી કરેલ નથી. તેમજ સદરહુ વાહન સંબંધે આઈ.સી.આઈ.સી.આઈ. બેંક ભુજ પાસેથી લોન લીધેલ છે તે બેંકે એન.ઓ.સી. આપેલ છે. આમ અરજદાર સદરહુ મુદામાલના માલીક હોવાનું જણાય છે તેમજ પોલીસ તપાસના કામે જરુરીયાત નથી, ત્યારે અરજદારનો મુદામાલ કેસ પુરો થતાં સુધી પોલીસ સ્ટેશને મુકી રાખવાનું ઉચિત જણાતું નથી. અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૧ ની જોગવાઈને ધ્યાને લેતાં હાલના અરજદારને તેનો મુદામાલ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોં પવાનો શરતી હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટના સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો કે જે એ.આઈ.આર. ૨૦૦૩ એસ.સી. ૬૩૮** પર પ્રસિધ્ધ થયેલ છે. તેમાં નામદાર સુપ્રીમ કોર્ટે પણ એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે મુદામાલને લાંબો સમય પો.સ્ટે. માં પડતર ન રાખતા યોગ્ય શરતોને આધારે તેના માલીકને સોંપવો જોઈએ. વધુમાં મુદામાલ એ મશીનરી છે આથી વાતાવરણને કારણે લાંબો સમય પોલીસ સ્ટેશન માં પડયો રહે તો નુકસાન થવાની શકયતા પણ રહેલી છે અને કેસ ચાલીને નિકાલ સમયે મુદામાલ પરત સોંપવાના હુકમ કરતાં સદરહુ મુદામાલના જાળવણી અને ખર્ચ સંબંધેના પ્રશ્નો પણ ઉપસ્થિત થવાની શકયતા રહેલી છે.

(૫) આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં અરજદારની મુદામાલ

પરત મેળવવા અંગેની અરજી મંજુર કરવી યોગ્ય અને વ્યાજબી જણાતી હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામે અરજદાર માવજી ખીમજી કોલી નાઓની મુદામાલ પરત મેળવવા અંગેની અરજી મં જુર કરવામાં આવે છે. અને અરજદારે મુદામાલ વાહન હીરો સ્પ્લેન્ડર પ્લસ કે નં. જી.જે.–૧ ૨–ઈ.એમ.–૮૪૫૬ વાળાની મુદામાલ પાવતીમાં જણાવેલ કિંમત કરતા દોઢી કિંમતના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સદરહુ ગુન્હા કામે રજુ કર્યેથી નીચેની શરતોએ તથા આ કામના આખરી હુકમને આધીન રહીને વચગાળાની કસ્ટડી તરીકે સદરહુ મુદામાલ પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

૧. આ કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી અરજદારે સદરહુ મુદામાલ કોઈને પણ વેચાણ, ગીરો કે ટ્રાન્સફર કરવો કરાવવો નહીં.
૨. અત્રેની અદાલત તથા તપાસ અધિકારી જયારે પણ મુદામાલ મંગાવે ત્યારે તે અરજદારે રજુ કરવો.
૩. આ કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી અરજદારે મુદામાલના બાહય માળખામાં એટલે કે રંગ, ડીઝાઈન વિગેરેમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવો નહીં તેમજ સદરહુ મુદામાલનો એક ફોટો પાડી તે પાછળ પોતાની સહી કરી બોન્ડ સાથે ત.ક.અ. ને આપવા.
૪. અરજદારે મુદામાલનો ઉપયોગ કોઈ પણ ગુન્હાહિત પ્રવૃતિમાં કરવો કરાવવો નહીં.
૫. સંબંધીત પો.સ્ટે. ના પી.એસ.આઈ. નાઓને આથી હુકમ કરવામાં આવે છે કે, મુદામાલ અં ગે માલીકી હકકની ખરાઈ કર્યા બાદ જ મુદામાલ અરજદારને પરત સોંપવો.
૬. ઉપરોકત કોઈ પણ શરતનો ભંગ થયેથી મુદામાલ આપોઆપ જપ્ત થવાને પાત્ર રહેશે.

હુકમ મુજબ સંબંધીતોને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

ભુજ–કચ્છ
તા.૫/૧૨/૨૦૨૩

**(એચ.એ.બારડ)**
છઠ્ઠા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ–કચ્છ